Om shanti B.K.neeta :- Patan

" જીવન પ્રયોગશ|ળા છે"

જીવન ને ઉપમા આપવામાં આવે છે.

નિત નવાં અનુભવ કરીને રીસર્ચ કરવામાં આવે છે. વૈજ્ઞાનિકો જેવી રીતે પ્રયોગો કરીને એવી ચીજ , પદાર્થ કે નિયમની શોધો કરે છે .જે અત્યાર સુધી કોઈએ પણ ન કરી હોય . એવી જ રીતે આપણે સહુએ પણ આપણી જીવનની પ્રયોગશાળામાં નિત નવા પ્રયોગો કરીને નવી નવી ઇન્વેન્શન કરવાની છે .

પ્રયોગશાળામાં પ્રયોગ માટે સાધનો અને પદાર્થો ની જરૂર પડે છે . જીવનની પ્રયોગશાળામાં વસ્તુઓથિ પ્રયોગ નથી કરવાનો . લાગણીઓથી ભરેલા માણસો વચ્ચે પ્રયોગો કરવાના હોય છે .કોઈ વ્યક્તિ ક્રોધી હોય તો કોઈ શાંત ,કોઈ પ્રેમાળ હોય તો ,કોઈ નિષ્ઠુર ,કોઈ હક્ક જમાવી ઓર્ડર કરતા હોય તો કોઈ નિર્માણ થઇ વ્યવહાર કરતા હોય તો કોઈ ,કોઈ સ્નેહી સમ્બંધી હોવા છતાં પણ સ્નેહી ન હોય અને કોઈની સાથે કોઈ સમ્બન્ધ ન હોય ત્યારે પણ સ્નેહી હોય , કોઈ સ્વાર્થી હોય , કોઈ નિસ્વાર્થભાવે આપની સાથે વ્યવહાર કરે છે . એવા સમયે આપની ભાવનાઓ , લાગણીઓના ઘોડાપુરને આપને નાથી શકીએ. ઘણીવાર વ્યક્તિ પર ભરોસો મુકતા 100 વાર વિચારવું પડે છે અને ઘણા વ્યક્તિઓ ખુબ નિર્મળ હોય . એવા સાથે વ્યવહારમાં ખુબજ સાવધાની રાખવાની જરૂર પડતી હોય છે. આવા અનેક લોકો જેમના ભિન્ન ભિન્ન સ્વભાવ , વ્યવહાર વચ્ચે આપને જીવનને સફળતા પૂર્વક , ખુશી થી આગળ વધતાનું છે . ત્યારે અનેક પ્રકારના પ્રયોગો કરવાના છે .

જીવનની પ્રયોગશાળામાં નિત નવા પ્રયોગો કરી આપણે અનુભવી મૂર્ત બનતા જીએ છીએ અને તે આધારે એકબીજાને કહેતા પણ રહીએ

છીએ.આપના મહાન પુરુષોએ  પણ પોતાના જીવનની પ્રયોગશાળામાં પ્રયોગો કરીને આપના માટે નવી નવી શોધો રાખી છે . જેથી આપણે શું પણ જે તે પરિસ્થિતિઓમાં તેમના જીવનની પ્રયોગશાળાના ના અનુભવો લઈને પ્રેરણા લઈએ છીએ .

જીવનની પ્રયોગશાળામાં પણ અનેકવાર એવું બને છે.અનેકવાર પ્રયાસ કર્યા બાદ પણ રીઝલ્ટ મળતું નથી.સફળતા નજર આવતી નથી અને આપના પ્રયોગમાં અનેક લોકો વિઘ્નરૂપ પણ બને છે. છતાં પણ આવા વિરોધિઅઓનિ પરવાહ કર્યા વિના જો આપણે હિંમત થી સામનો કરતા રહીશું તો જરૂર સફળતાની મંઝીલ મેળવી શકીશું .

 પ્રયોગશાળામાં એવું પણ બને છે , ધણીવાર વિસ્ફોટક પદાર્થોના કરને ધડાકો પણ  થઇ શકે છે ,અને પ્રયોગ કરનારને પણ નુકશાન પહોચી શકે છે.જીવનમાં પણ ક્યારેક એવું બને છે કે કોઈ વ્યક્તિ ,પરિસ્થિતિ આપની માનસિક અવસ્થા પર અસર  હારવાની જરૂર નથી એકવાર એક્સીડેન્ટ થયા પછી  વ્હીકલ  ચલાવવાનું છોડી નથી દેતા બિલકુલ  એવી જ રીતે જીવનમાં આવતી સમસ્યાઓથી આપણે  પણ રોકવાની જરૂર નથી. હારવાની જરૂર નથી. હતાશ કે નિરાશ પણ થવાની જરૂર નથી .આવેલી પરિસ્થિતિ નો ખુબ તાકાતથી સામનો કરો. હરો નહી પણ પરિસ્થિતિને હંફાવી હરાવી દો .પાછા ન પાડો વિઘ્ન  પછાડી દો .જીવનની પ્રયોગશાળામાં નવા નવા પ્રયોગ  કૈક નવું શીખો ,અનેકો માટે નવો રાહ બનાવો .બનેલા રસ્તા પર ચાલવાવાળા તો ઘણા છે પરંતુ નવો રસ્તો બનાવે તે મહાન છે.

જીવનની પ્રયોગશાળા આપણને ઘણા ચાન્સ આપે છે આપણે ચાન્સ લઈને નવી નવી શોધો કરીને આગળ વધતા રહેવાનું .જીવન વાસળી જેવું

છે .ભલે એમાં ગમે તેટલા કાણા  હોય પરંતુ જો વગાડતા આવડે તો સાતેય સુર વાગી સકે છે .વાસળી પાસે થી આપણે  શીખ લેવાની જરૂર છે .મુશ્કેલીઓંની ક્યારેય ફરિયાદ  કરવી નહી .કારણ કે મહાન ડાયરેક્ટર સૌ થી અઘરો રોલ હમેશા બેસ્ટ એક્ટરને  જ આપે છે  .આપણે અઘરા રોલ થી ડરવાની કોઈ જરૂર નથી એવોર્ડ પણ આવા અઘરા રોલ ભજવવાવાળા એક્ત્રને જ મળે છે.જીવન બાજી ના બાવન પત્તા  જેવું છે .આપના હાથમાં છે કેવા પત્તા આવશે તે કિસ્મત ના હાથની વાત છે પણ કેવી રીતે રમવું એ તો આપના હાથની વાત છે. આપને જીવનની પ્રયોગશાળામાં। પાસ થવાની જરૂર છે અને દુનિયાને નવા પ્રયોગો ની ભેટ  ધરવાની છે .